# જીવનસાથી વગર પણ લાઈફની મજા માણી શકે છે સિંગલ્સ

**આપણે ત્યાં એક કહેવત છે ‘ડોસો કુંવારો મરે પણ ડોસી’ નહીં. જો કે આજના સમયમાં આ કહેવત અસ્થાને છે નર અને નારી બંને માટે. અત્યારે તો આપણા સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ બહુ વધી ગયું છે. તો બીજી તરફ આજકાલ લોકો લગ્ન કરવા બાબતે આનાકાની કરે છે. તમને ખબર હોય તો 11 નવેમ્બરને સિંગલ્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ ડેનું ખાસ તો ચીનમાં સેલિબ્રેશન થાય છે. આપણે અત્યારની સ્થિતિ જોઈએ તો ઘણા યુવાઓ ડેટ કરવાનું પસંદ કરે છે. અરે લિવ ઈન રિલેશનશિપમાં પણ રહેવાનો ટ્રેન્ડ હવે તો જોવા મળે છે પણ આવા લોકો સીરિયસ કે કમિટેડ રિલેશનમાં રહેવાનું પસંદ નથી કરતા. આવા વલણને કારણે હવે સુરતમાં પણ સિંગલ લોકોની સંખ્યા વધતી જઈ રહી છે. લગ્ન બાદ જો મનમેળ નહીં હોય તો ડિવોર્સ લઈને પતિ-પત્ની ફરી સિંગલ સ્ટેટ્સમાં આવી જતાં હોય છે. લગ્ન બાદ બંને જીવનસાથીમાંથી કોઈ એકનું અવસાન થાય તો ફરી બેમાંથી કોઈ એક સિંગલ સ્ટેટ્સમાં આવી જાય છે પણ હવે તો લગ્ન નહીં કરવાનું વલણ વધતું જઈ રહ્યું છે. જો કે આવી સ્થિતિ પુરુષ કરતાં સ્ત્રીની વધારે જોવા મળે છે. તે ઉચ્ચ શિક્ષણ લઈને સારું અર્નિંગ કરતી થાય તો તે પોતાને સમાન હોય તેવો જીવનસાથી ઈચ્છે. પોતાના કરતાં જેનું કદ નીચું હોય તેની સાથે લગ્ન બાબતે તે કોમ્પ્રોમાઈઝ કરવાનું પસંદ નથી કરતી એટલે તે લગ્ન વગર પણ સારું જીવી શકાય તેવું માને છે અને તે અવિવાહિત રહે છે. પુરુષોમાં અવિવાહિત રહેવાનું વલણ હજી ઓછું છે. જો કે જો મેરેજ નહીં કરે તો તેમને કોઈ વાતનો અફસોસ રહે છે, તેમને ફરવા જવું હોય ત્યારે એવો વિચાર આવે છે ખરો કે કાશ કોઈ પાર્ટનર હોત તો ફરવા જવાની મજા આવી હોત, બીમાર પડે ત્યારે પાર્ટનર વગર કેવું ફીલ કરે છે, પાછલી જિંદગીમાં કેવી સ્થિતિ રહેશે તેનો વિચાર કરે છે ખરા? ચાલો આ બધાં વિશે સુરતનાં કેટલાંક સિંગલ સ્ત્રી-પુરુષ પાસેથી જાણીએ...**





## નોકરી છોડવાની કન્ડિશન મને માન્ય નહોતી : કુ. દીપિકા શુક્લ

‘‘મારા ફાધર વક્તાણા ગામમાં ડોક્ટર હતા અન મમ્મી પ્રિન્સિપાલ હતાં. હું ત્યાં જ ભણી. જ્યારે લગ્ન માટે માંગાં આવવા લાગ્યાં ત્યારે સામાવાળાઓની એવી માનસિકતા રહેતી કે છોકરી તો ગામડાની છે તે થોડી શહેરમાં સેટ થવાની. પછી હું જોબ કરતી થઈ તો કન્ડિશન મુકાતી કે નોકરી છોડવી પડશે. પછી મને એવું થયું કે હું કોમ્પ્રોમાઇઝ તો કરી લઉં પણ કન્ડિશનમાં મારે શું કામ બંધાવું જોઈએ અને પછી મેં અલગ રીતે લાઈફ જીવવાનું નક્કી કર્યું અને હું અત્યારે મારી આ લાઈફમાં બહુ ખુશ છું.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 62 વર્ષીય કુ. દીપિકાબેન શુક્લ કે જેઓ એક્સ્ટન્ડેડ પ્રિન્સિપાલ તરીકે એક સ્કૂલમાં કાર્યરત છે. તેમણે જણાવ્યું કે, ‘‘મેં વક્તાણા ગામમાં રહીને 1982-83માં ગ્રેજ્યુએશન કર્યું અને 1985માં B.Ed. થઈ. મારા માટે મેરેજ પ્રપોઝલ આવતી હતી પણ તે મારી પસંદગીની બહારની હતી. મારે મારી લાઈફ બ્રાઈટર જીવવી હતી. હું જોબ કરવા માંગતી હતી. કદાચ મારી લાઈફમાં લગ્નનું બંધન નહીં હોય એટલે મને મારી લાયકાત પ્રમાણેનું પાત્ર નહીં મળ્યું. તમારી એજ નાની હોય તો તમે કોમ્પ્રોમાઇઝ કરીને લગ્ન કરીને સેટ થઈ શકો પણ મોટી ઉંમરમાં કોમ્પ્રોમાઇઝ કરીને સેટ નહીં થઈ શકો. મને ક્યારેય એકલવાયું નથી લાગ્યું કેમ કે હું ફ્રી રહેતી જ નથી. હું મારા સ્ટાફમાં, મારા સ્ટુડન્ટ્સનાં કામોમાં રચીપચી રહું છું. મારાં સંબંધીઓ 20 કી. મી. જ દૂર છે. શનિ-રવિ હું ત્યાં જાઉં અથવા તેઓ મારા ઘરે આવે અને વારતહેવારે, પ્રસંગોપાત મળવાનું થાય જ. બીમાર પડું તો મારા ફ્રેન્ડ્સ મારી દરકાર લે છે. હું આ મારી સિંગલ લાઈફમાં બેહદ ખુશ છું.’’



## એટલું કમાઈ લઉં છું કે મારી લાઈફસ્ટાઇલ મેન્ટેન કરી શકું એના માટે લાઈફ પાર્ટનરની જરૂર નથી: પારુલ સોસા

અલથાણ વિસ્તારમાં રહેતાં 40+ ઉંમરના પારુલ સોસા ઇન્ટીરિયર ડિઝાઈનર છે. પારૂલને જ્યારે સવાલ કરવામાં આવ્યો કે તમને નથી લાગતું કે તમારે મેરેજ કરી લેવા જોઈતા હતા? ત્યારે તેમનો જવાબ હતો કે, ‘‘સાચું કહું તો મને ક્યારેય આવો વિચાર જ નથી આવ્યો કે મારે મેરેજ કરી લેવા જોઈતા હતા. મેરેજ કરીને જ સુખી થવાય છે એવું જરૂરી થોડું છે! જેમની પત્ની કે પતિનું નિધન થયું છે કે પછી સેપરેટ થઈ ગયા હોય છે તેઓ પણ જીવે જ છે ને! હું પોતે એટલું કમાઈ લઉં છું કે મારી લાઈફ સ્ટાઈલ મેન્ટેન કરી શકું એટલે એના માટે પાર્ટનર જરૂરી નથી. 18-20 વર્ષની એજ હોય ત્યારે કશે ફરવા જવું હોય તો સાથે કોઈની કમ્પની જોઈએ એવું લાગતું હોય પણ અત્યારે હું જેટલી પણ ટ્રીપ કરું છું એ બધી સોલો ટ્રીપ જ હોય. મારી સોલો ટ્રીપને એન્જોય કરું છું. હું કાઠિયાવાડી ફેમિલીમાંથી આવું છું. અમારા સમાજમાં દીકરીના જલ્દી મેરેજ કરાવી દેતા હોય છે પણ હું મારાં પેરેન્ટ્સના સપોર્ટથી સારું ભણી અને મારી કરિયરમાં ઘણું આગળ વધી. એને કારણે મને મારા વિચારો સાથે મેળ ખાતી વ્યક્તિ નહીં મળી લાઈફ પાટર્નર બની શકે એ માટે. હવે હું એ લેવલ પર છું કે મને મારી લેવલની વ્યક્તિ ના મળતી હોય તો બેટર છે કે હું સિંગલ રહું. પહેલાં હું સ્કૂલમાં ટીચર હતી પણ મને મારું પોતાનું પ્રોફેશન જોઈતું હતું એટલે હું ઇન્ટીરિયર ડિઝાઇનિંગની સ્ટડી કરી ઇન્ટીરિયર ડિઝાઈનર બની. શરૂઆતમાં મને થોડી ડિફિકલ્ટી આવી ઘરની જવાબદારી ઉઠાવવાની, ઓફિશ્યલ કરિયરને મેનેજ કરવાનું. મને મેન્ટલી મારા વિચારો જેવી વ્યક્તિ, મારા જેટલી ક્વોલિફાઈ વ્યક્તિ ના મળતી હોય તો હું કોમ્પ્રોમાઇઝ કરવા તૈયાર નહોતી. એના કરતાં બેટર છે કે મારી લાઈફ જે રીતે ચાલે છે એમાં હું સેટિસ્ફાઇડ રહું. મારી એક ધાક છે કે કોઈ મને છેડી નહીં શકે. મારી આસપાસના લોકોને ખબર જ છે કે પારુલ સ્ટ્રીક્ટ છે, તે તીખી છે. મારાં પેરેન્ટ્સે મારે ઘરનાં કામો કરવા જોઈએ એવો આગ્રહ નહીં રાખેલો પણ મારા એવા સંસ્કાર રહ્યા કે હું ઘરનાં કામોને મેનેજ કરી શકું. હું સારી કૂક પણ છું.’’







## મેં લગ્નનું વિચાર્યું જ નહીં, સોશ્યલ વર્ક કરું છું એટલે એકલવાયું નહીં લાગે: બીના ભગત

‘‘હું પહેલાંથી જ ટોમ બોય તરીકે ઊછરી છું. સ્કૂલ- કોલેજમાં બ્રેવ લાઈફ જીવી છું. મેં ક્યારેય લગ્ન બાબતમાં વિચાર્યું જ નહીં. મને કેન્સર ડિટેક્ટ થયું હતું એમાંથી હું ઊગરી છું. પછી તો મેં લગ્નનો વિચાર જ માંડી વળ્યો. વળી, લગ્ન કરીને બધાં સુખી થાય છે એવું થોડું છે! બધાંના જ લગ્ન સફળ નથી થતાં એ તો આપણને સમાજમાં દેખાય છે.’’ આ શબ્દો છે કતારગામ મેન રોડ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય બીનાબેન ભગતના. તેઓ એડવોકેટ એન્ડ નોટરી મીડીએટર છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા ઘરમાં ખૂબ સુખસાહ્યબી રહી છે. હું તો સોનાની ચમચી લઈને જન્મી છું. હું પહેલાંથી જ ટોમ બોય તરીકે ઊછરી છું. સ્કૂલ - કોલેજમાં લીડરની જેમ રહી છું. બ્રેવ લાગે તેવાં કામો કર્યાં છે. મને ક્યારેય લગ્ન કરવા જોઈએ એવો વિચાર નથી આવ્યો. મારા ઘરમાં સર્વન્ટ્સ છે એટલે મારે ઘરનાં કામો કરવાની જરૂર નથી પડી. મેં વર્કિંગ વુમન તરીકે જ કામ કર્યું છે. મારા મધર નિર્મળાબેન ભગતના નામનું વૃદ્ધાશ્રમ છે જેનું લીગલ મેનેજમેન્ટ મારું રહે છે. દર 15-15 દિવસે હું ભાઠા સ્થિત આ વૃદ્ધાશ્રમમાં જઈને વડીલોને આનંદ આપતી વિવિધ એક્ટિવિટીઝ કરાવું છું. નવરાત્રીમાં એક દિવસ આ વડીલો માટે ગરબાનું આયોજન કરાવું છું. કાનૂનની ફિલ્ડ સાથે સંકળાયેલી છું એટલે એવા કેસ મેં જોયા છે કે નાની નાની બાબતોમાં હસબન્ડ - વાઈફ વચ્ચે તકરાર થાય છે. કેટલીક સ્ત્રીઓ કમાવા જાય છે અને એમના હસબન્ડ ઘરે પત્નીના પૈસે રહે છે. કેટલાક પતિ તેમની પત્નીની કેર નથી કરતા. આવામાં બધાંના લગ્નજીવન સફળ નથી રહેતા. મને ઘણા મેરિડ લોકો કહેતા હોય છે કે બીનાબેન તમારી સિંગલ લાઈફ સારી છે. અમે તો લગ્ન કરીને પસ્તાયા. મારી 5-6 ફ્રેન્ડ્સ સિંગલ છે. અમે બધાં ફરવાના પ્રોગ્રામ કરીએ અને હરીફરીને લાઈફ એન્જોય કરીએ. ક્યારેક કોઈ વાતમાં મને મનદુ:ખ થાય ત્યારે ઘડીક માટે મને એવો વિચાર આવે કે મારો હસબન્ડ હોત તો મારો પક્ષ લેત પણ એ તો ક્ષણિક વિચાર હોય. હું તો વર્કોહોલિક છું, મને ફ્રી ટાઈમ મળતો જ નથી. હું મારી આ લાઈફમાં મસ્ત રહું છું. લગ્ન કરવા મને ક્યારેય જરૂરી નથી લાગ્યું.’’



## લગ્ન નહીં થયાનો કોઈ અફસોસ નથી, એકલવાયું પણ નથી લાગતું : શીલા ફરસોલે

‘‘મારા ફાધર મારા આદર્શ રહ્યા છે. તેમના જેવું પાત્ર મને જીવનસાથી તરીકે મેળવવું હતું પણ એવું કોઈ મળ્યું નહીં. મને લગ્ન નહીં થઈ શક્યા તેનો કોઈ અફસોસ નથી. હું એકલવાયું પણ ફીલ નથી કરતી.’’ આ શબ્દો છે ભટાર વિસ્તારમાં રહેતાં 65 વર્ષીય શીલાબેન ફરસોલેના. તેઓ એક સ્કૂલમાં પ્રિન્સિપાલ હતાં અને છેલ્લાં 7 વર્ષથી રિટાયર્ડ લાઈફ એન્જોય કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા ફાધર મહારાષ્ટ્રીયન છે અને મમ્મી ગુજરાતી એને કારણે કદાચ એવું થયું કે અમે બંને પક્ષના સંબંધીઓ સાથે બહુ કનેક્ટ નહીં રહી શક્યા. મારા ફાધર પણ સ્કૂલ પ્રિન્સિપાલ હતા. અમે ત્રણ બહેનો છીએ અને ભાઈ નથી. મારી એક બેન અને મારા ફાધર અમે સાથે રહીએ છીએ. જ્યારે મારી લગ્નની એજ થઈ ત્યારે મારા ફાધર મારા લગ્ન માટે છોકરો શોધતા હતા પણ નસીબમાં લગ્ન નહીં લખાયા હોય એટલે લગ્ન નહીં થઈ શક્યા. અમારાં માતા-પિતાએ અમારી બહેનોનો એ રીતે ઉછેર કર્યો કે અમે જાતે અમારાં કામો હેન્ડલ કરી શકીએ, કોઈ પર નિર્ભર નહીં રહીએ. લગ્ન નહીં થયા એનો મને કોઈ અફસોસ નથી અને મને એકલવાયું પણ ફીલ નથી થતું. મારા માટે મારા ફાધર આદર્શ રહ્યા એમના જેવી વ્યક્તિ સાથે લગ્નની ઝંખના હતી પણ એવું પાત્ર નહીં મળ્યું. અમારા ઘરે સર્વન્ટ છે અને હું અને મારી બેન જાતે બધાં કામો હેન્ડલ કરી શકીએ છીએ એટલે ક્યારેય હેલ્પલેસ થયા હોય એવું નથી થયું. હા, મેડિકલની જરૂરિયાત ઊભી થાય ત્યારે કોઈની જરૂર પડે. જો કે મારા કેટલાંક સ્ટુડન્ટ્સ ડોક્ટર છે તેમની મદદ મળી રહે. મારી એક ફ્રેન્ડના પણ મેરેજ નથી થયા. અમે બંને એકલા એકલા ફરવા જઈએ અને હરવાફરવાની મજા લઈએ. ’’



## અમે ચાર મિત્રો સિંગલ જ છીએ, વૃદ્ધાવસ્થામાં સાથે રહીશું: નિહાર રંગુનવાળા

‘‘જીવનસંગીની વગર ઘરનાં, બહારનાં કામો અટકી પડશે એવું તો છે જ નહીં ને! હા, લગ્ન થયા હોત તો સારું જ હોત પણ નથી થયા તો એકલવાયું લાગે એવું નથી.’’ આ શબ્દો છે નવસારીમાં રહેતાં 43 વર્ષીય નિહાર રંગુનવાળાના. તેઓનું પ્રોફેશન એડવર્ટાઇઝીંગ એન્ડ મીડિયા સાથે સંકળાયેલું છે અને તેઓ મેડિટેશન ટીચર પણ છે. તેમણે જણાવ્યું, ‘‘મેરેજ માટેના પ્રયત્નો જેમ બધા કરતા હોય છે તેમ મારા મેરેજ માટે થયા પણ નસીબમાં હોય એ રીતે થતું હોય. હું મારી મમ્મી સાથે રહું છું તો મમ્મીની કમ્પની મળી રહે, મિત્રોની કમ્પની મળી રહે છે. ઘરે બહેનોની આવનજાવન ચાલુ હોય એટલે એકલવાયું તો નથી લાગતું પણ હા, મારા કેટલાક ફ્રેન્ડ્સને ત્યાં જાઉં અને એમની ડોટર્સ સાથે વાત થાય ત્યારે મને એવું લાગે કે મારું વૈવાહિક જીવન હોત તો મારા ઘરે પણ એક દીકરી હોત અને જેમ બીજા ફાધર્સ એમની દીકરીને લાડ લડાવે છે એમ મેં પણ કર્યું હોત. મને દીકરીઓ પ્રત્યે બહુ વ્હાલ છે. જીવન કોઈના વગર અટકી નથી પડતું. જીવનસંગીની નથી તો કોઈ કામ અટકી પડ્યાં એવું તો નથી જ. મારા ઘરમાં સર્વન્ટ છે તો ઘરનાં કામો તો મેનેજ થઈ જાય છે. જીવન તો એના મેળે ચાલ્યા જ કરે છે. માંદા પડ્યા તો સંબંધી પણ છે અને સારા સપોર્ટિવ ફ્રેન્ડ્સ પણ છે એટલે એવી પણ કોઈ ચિંતા નથી. કોઈની કંપની હોય તો જ ફરવાની મજા આવે એવું તો નથી જ. સોલો ટ્રીપ કરીને પણ ફરવાની મજા લઈ શકાય છે. આજે આપણે જોતાં જ હોઈએ છીએ કે બાળકો મોટાં થયા બાદ તેમના ફેમિલીમાં વ્યસ્ત થઈ જાય છે કે નોકરી મળે તે સ્થળે ચાલ્યાં જાય છે. મા-બાપની દરકાર નથી લેતાં એવું પણ જોવા મળે જ છે ને! પાછલી ઉંમરમાં સંતાનો હોવા છતાં એકલા પડી જવાય તેવું થાય જ છે ને! એટલે પાછલી ઉંમર માટે જીવનસાથી કે બાળકો હોય તે માટે લગ્ન કરી લેવા જોઈએ એવું હું નથી માનતો. મારા ત્રણ મિત્રો એવા પણ છે જે મારી જેમ સિંગલ છે એટલે અમે ચારેય ફ્રેન્ડ્સ ઘણી વાર વિચારીએ કે પાછલી અવસ્થામાં એકબીજાનો સહારો બનીશું. પાછલી ઉંમરમાં સાથે રહીશું.’’

**આમ તો લગ્ન કરવા કે નહીં કરવા તે એક વ્યક્તિગત નિર્ણય છે. લગ્નને સ્થિરતા, ભાવનાત્મક સમર્થન અને સામાજિક માન્યતા અને પરિવાર શરૂ કરવાની એક રીત માનવામાં આવે છે. કેટલાંક લોકો લગ્ન વગર પણ ખુશ અને સંતુષ્ટ જીવન જીવતા હોય છે. મેરેજ માત્ર ઘડપણમાં સહારો મળી રહે કે બીજાના દબાણને કારણે નહીં કરવા જોઈએ. આજકાલ તો લગ્નના થોડા સમયમાં જ કપલ સેપરેટ થઈ જતા હોય છે. હવે યુવતીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી ઉચ્ચ હોદ્દાને શોભાવતી થઈ છે. તેઓ એમને સમજી શકે તેવું પાત્ર જીવનસાથી તરીકે લાવવા માંગે છે. બીજી તરફ ઘણાં યુવાનો હજી પણ એવું ઝંખતા હોય છે કે પત્ની જોબ પણ કરે અને ઘરનાં કામોને પણ ન્યાય આપે. કરિયર ઓરીએન્ટેડ યુવતીઓ આવી કન્ડિશન સ્વીકારવા જલ્દી તૈયાર નથી થતી એટલે તેઓ ઘણી વાર લગ્ન વગર રહેવાનું ડીસીઝન લે છે. તેઓ સોલો ટ્રાવેલિંગ કરીને ખાલી સમયમાં પોતાની રીતે એન્જોય કરે જ છે. સિંગલ લોકોની હવે સંખ્યા વધતી જાય છે અને તેમાં પણ ખાસ તો યુવતીઓની.**